

# વાવણી થી વેચાણ સુધી ખેડૂતની પડખે ગુજરાત સરકાર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



## વાવણી માટે કૃષિ ધિરાણ

### કૃષિ ધિરાણ પર ૦% વ્યાજ

**ખેડૂતો બિયારણ, ખાતર તેમજ અન્ય જરૂરી ખર્ચ માટે મેળવી રહ્યાં છે શૂન્ય ટકાના વ્યાજદરે કૃષિ ધિરાણ**

- ૧૫ લાખથી વધુ ખેડૂતોને મળ્યો છે લાભ
- વ્યાજદર સહાય માટે અંદાજિત રૂ.૧૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે
- આ ઉપરાંત પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ દરેક ખેડૂત પરિવારને દર વર્ષે રૂ. ૬૦૦૦ની મળી રહી છે સહાય
- ૪૮ લાખથી વધુ ખેડૂતોને મળી રહ્યો છે લાભ



### કૃષિ યાંત્રિકરણ પર સહાય

- ખેતીમાં આધુનીકરણ લાવવા માટે કૃષિને લગતા સાધનો ઉપર ખેડૂતોને મળી રહી છે સહાય
- છેલ્લા પાંચ વર્ષમાં ત્રણ લાખથી વધુ ખેડૂતોને મળ્યો છે લાભ
- જે પેટે રૂ.૧૦૦૦ કરોડથી વધુની નાણાકીય સહાય
- ટ્રેક્ટરની ખરીદી પર સરકાર આપી રહી છે રૂ. ૪૫૦૦૦ થી ૬૦૦૦૦ સુધીની સહાય
- પ્રાણીઓથી મહામૂલા પાકને બચાવવા માટે તારની વાડ લગાવવા માટે ગુજરાત સરકારે કરી સહાય



## તૈયાર થયેલા પાક ઉપર કુદરતી આફતોથી

**ખેડૂતને થયું નુકશાન ત્યારે સરકારે ચૂકવ્યું યોગ્ય વળતર**

- ૨૦૧૭માં ૧૫ જિલ્લાઓમાં અતિવૃષ્ટી થતા, ૪.૭૩ લાખ ખેડૂતોને રૂ. ૮૦૫ કરોડની સહાય ચૂકવી
- ૨૦૧૮માં ઓછા વરસાદના પગલે, રાજ્યમાં ૧૬.૫૦ લાખથી વધુ ખેડૂતોને રૂ.૧૬૩૦ કરોડની સહાય
- ૨૦૧૯માં ઓકટોબર-નવેમ્બર મહિનામાં કમોસમી વરસાદથી થયેલ નુકસાન માટે ગુજરાતના ૫૯ વર્ષના ઈતિહાસમાં પહેલી વાર તમામ ખેડૂતોને આવરી લેતુ રૂ.૩૭૯૫ કરોડનુ કૃષિ સહાય પેકેજ
- ૨૦૧૯માં બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તીડથી થયેલ નુકસાન માટે રૂ. ૩૨.૭૬ કરોડનું પેકેજ જાહેર કર્યુ
- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ ૨૮ પાકોને પાક વીમાનું મળી રહ્યું છે રક્ષણ
- છેલ્લા ત્રણ વર્ષમાં ૨૧ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૫૧૦૦ કરોડથી વધુ વીમાના દાવાની ચૂકવણી



## પાકના વેચાણ માટેની વ્યવસ્થા

**ટેકાના ભાવે ખેડૂતોના પાકની થઈ રહી છે ખરીદી**

- છેલ્લા ત્રણ વર્ષમાં ૧૧ લાખ જેટલા ખેડૂતો પાસેથી ૨૦ લાખ ટન કરતા વધારે ખેત પેદાશોની થઇ ખરીદી
- કપાસ, મગફળી, ચણા, ઘઉં, તુવેર જેવા અન્ય પાકોની રૂ.૯૬૦૦ કરોડથી વધુના મૂલ્યની ટેકાના ભાવે ખરીદી



## વાવણી પછી સિંચાઈની વ્યવસ્થા

**દરેક ખેતર સુધી પહોંચાડાઈ રહ્યાં છે વીજળી અને પાણી**


- દરેક ખેતરને સિંચાઇ માટે પાણી અને વીજળી મળે તેવી વ્યવસ્થા માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ
- **વર્ષ ૨૦૦૧માં ગુજરાતમાં કુલ ૩૭.૯૬ લાખ હેક્ટર ભૂમિ ઉપર સિંચાઈની સુવિધા ઉપલબ્ધ હતી જે ૨૦૨૦માં વધીને ૬૮.૨૯ લાખ હેક્ટર સુધી પહોંચી**
- **વર્ષ ૨૦૦૧માં સૂક્ષ્મ સિંચાઇ યોજના અંતર્ગત ૧૫,૮૯૨ હેક્ટર વિસ્તાર હતો જે વધીને ૨૦૧૯માં ૧૮.૭૦ લાખ હેક્ટર સુધી થયેલ છે**
- સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ ૭૦ થી ૯૦% રકમની સહાય
- સુજલામ સુફલામ યોજનાથી ઉત્તર ગુજરાત, કચ્છ અને સુરેન્દ્રનગરના ખેડૂતોને મળી રહ્યો છે સિંચાઇનો લાભ
- સૌની યોજનાથી સૌરાષ્ટ્રને મળી રહ્યો છે સિંચાઇનો લાભ
- આદિવાસી વિસ્તારો માટે લિફ્ટ ઈરીગેશન યોજનાથી સિંચાઈ માટે પહોંચી રહ્યું છે પાણી
- સુજલામ સુફલામ જળ અભિયાનથી ૨૩,૦૦૦ લાખ ઘનફૂટ વધારાના પાણીનો સંગ્રહ થયો, જેના પરિણામે ચાલુ વર્ષે રવિ પાકનું વાવેતર ૧૨૫% એ પહોંચ્યું
- કૃષિ માટેની જ્યોતિગ્રામ યોજના હેઠળ ૧૬ લાખથી વધુ કૃષિ વિષયક વીજ જોડાણ અપાયાં
- ૮ હેક્ટરથી વધુ જમીન ધરાવતા ખેડૂતોને બે ખેત વીજ કનેક્શન
- છેલ્લા ચાર વર્ષમાં ઐતિહાસિક ૪ લાખ ૬૩ હજાર ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ


## જ્યારે જ્યારે કુદરતી આફત સામે ખેડૂત બન્યો લાચાર, ત્યારે ત્યારે ખેડૂતોના પડખે આવી સંવેદનશીલ સરકાર



## કૃષિ ક્ષેત્રે ગુજરાત લખી રહ્યું છે વિકાસની નવી ગાથા

- ૯.૩ ટકા સરેરાશ કૃષિ વિકાસ દર સાથે ગુજરાત દેશમાં મોખરે
- વર્ષ ૨૦૦૦માં રાજ્યના GDPમાં કૃષિનું યોગદાન રૂ.૧૮,૨૧૬ કરોડ હતુ જે ૧૭-૧૮માં ૯ ગણું વધીને રૂ.૧,૬૮,૪૩૨ કરોડ થયું
- કપાસ અને મગફળીનાં ઉત્પાદનમાં ૩૦ ટકા ફાળા સાથે દેશમાં ગુજરાત પ્રથમ
- દિવેલાના ૯૫ ટકા ઉત્પાદન સાથે દેશમાં ગુજરાત નંબર ૧
- વરિયાળી અને જીરુંના ઉત્પાદનમાં દેશમાં ગુજરાત નંબર ૧
- પપૈયા અને દાડમના ઉત્પાદનમાં દેશમાં ગુજરાત બીજા સ્થાને





# નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાનશ્રીના સપનાને સાકાર કરવા માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે.

**શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

N માહિતી ૨૦૧૯-૨૦(૬૬)